સરકારી માધ્યમિક શાળાઓના વિલીનીકરણ સામે વસાહત મહામંડળનો આક્રોશ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરની માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ બંધ કરવાની કાર્યવાહી અંતિમ તબક્કામાં છે. તે જાણીને સમગ્ર ગાંધીનગરનો પછાત મધ્યમવર્ગમાં ઉગ્ર રોષની લાગણી વ્યાપી છે. જેના પડઘારૂપે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ ગાંધીનગરના પ્રમુખશ્રી અરૂણભાઈ બુચે સરકારશ્રીમાં ઉગ્ર રજૂઆત લેખિતમાં કરેલ છે. શાળાઓ બંધ કરવાની સરકારની આપખુદશાહી અને ખાનગી શાળાઓને લાભ કરવા માટે શિક્ષણ વિભાગના અધિકારીઓની સરમુખત્યાર નિર્ણયને સક્ષ ઝાટકણી કાઢેલ છે.

શાળાઓ બંધ કરવામાં આવનારની સંખ્યા જો બહાનું કાઢવામાં આવતું હોય તો ઘણી ખાનગી શાળાઓને પુરતા વિદ્યાર્થીઓ ન હોય તો પણ બંધ કરવામાં આવી નથી. તેની તુલના કરીને જ ગાંધીનગરની શાળાઓ બંધ કરવા કે ભેળવવાનો નિર્ણય કરવો જોઈએ નહિ. નહિતર ગાંધીનગરને અન્યાય થશે જ.

સરકારી શાળા હોવાં છતાં ખાનગી શાળાઓ જે તે સેકટરોમાં મંજૂરી કેવી રીતે આપી. ભૂર્ગભમાં સરકારી શાળાઓ બંધ કરવાની ચાલ છે. શાળાના મકાનો ત્યાર પછી ખાનગી ટ્રસ્ટાને આપવામાં આવે છે. તેનું જ પુનરાવર્તન થવું ના જોઈએ. ગરીબ બાળકોને નુકશાન કર્તા નીતિ છે. જે વિદ્યાર્થી સરકારી પ્રાથમિક જે શાળાઓ બંધ કરવામાં આવી રહી છે. તેની સંખ્યા શિક્ષકોની સંખ્યાની તોલે બરોબર જ છે. આ ઉપરાંત જે તે સેકટરની પ્રાથમિક શાળાના ધોરણ-૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સ્વાભાવિક જે તે સેકટરની સરકારી શાળામાં જ દાખલ થશે. જે સેકટર-૨૦ની ધોરણ-૯ અને ૧૦ની સંખ્યા ૧૪૦છે. ધોરણ-૯ માં ૯૦ સંખ્યા એટલે નિયમો કરતાં વિશેષ છે. હવે ધોરણ- ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ બોરીજમાં ૯૫ અને સેકટર -૨૦ની શાળામાં ૫૦ બાળકો ધોરણ-૯માં આવશે એટલે વધારાના ૧૫૦ વિદ્યાર્થીઓ દાખલ થશે જ. તેને શાળા બંધ થવાથી આપણે અન્યાય કરી રહ્યા છે. આ જ પ્રમાણે સેકટર-૨૯ના કિસ્સામાં પણ ગરીબ શ્રમિક વર્ગ શાળા બંધ થવાથી અભ્યાસ છોડશે. અને તેનો ભોગ લેવાશે તેવો ભય છે. આજ રીતે સેકટરોની શાળા બંધ કરવા વિચારેલ અગર નક્કી કરેલ છે. જે તે સેકટરોની પ્રાથમિક શાળાના ધોરણ- ૮ની સંખ્યા ધ્યાનમાં લેવાવી જોઈએ. જે સેકટરોની શાળાઓ બંધ કરવાનું નક્કી થયેલ છે. તે જ સેકટરની પ્રાથમિક શાળા ધોરણ-૮ના વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાનમાં લેવાવી જોઈએ. અભ્યાસ કરે છે. તે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવાના છે. જે વિદ્યાર્થીઓ ફી ભરી શકે તેવી આર્થિક પરિસ્થિતિ ના હોઈ તેઓ સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ માટે પ્રવેશ મેળવે છે. ઈરાદા પૂર્વક સમજપૂર્વક શાળાઓ બંધ કરવાનું પગલું લેવાતું હોય તેમ જણાય છે.

સેકટર-૨૯ની માધ્યમિક શાળામાં ૪૦૦ જેટલી સંખ્યા છે. પરંતુ કયા તર્કના આધારે આ શાળા બંધ કરવામાં આવે છે. તે વિચારણા માંગી લે તેમ છે. શાળાઓ બંધ થતાં સ્વાભાવિકપણે ડ્રોપ આઉટનો રેસિયો વધે છે. દેશમાં ગુજરાત માટે શરમ અનુભવી પડે છે. તો શાળાઓ બંધ કરવાનો પ્રશ્ન વિચારીને નિર્ણય લેવાવો જોઈએ.

ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે નેત્ર અને ડાયાબિટીસ ચિકિત્સા શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ચિલોડા સર્કલ પાસે આવેલા ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે અખાત્રીજના પવિત્ર પર્વ નિમિત્તે ડીસ્ટ્રીકટ એન.સી.ડી.સેલ, ગાંધીનગર, સિવિલ હોસ્પિટલ તથા હાઈવે જિલ્લા ટ્રાફિક પોલીસ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે મોટી ઉંમરના દર્દીઓની આંખની ત્રુટિઓ તથા ડાયાબિટીસ રોગ અંગે એક મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેમ્પમાં ચિલોડા સર્કલ પાસેથી પસાર થતા ખાનગી વાહનોના ટ્રક-ડ્રાઈવરોની ચકાસણી આંખોના નિષ્ણાત ડોક્ટર્સ દ્વારા કરવામાં આવી હતી. ડાયાબિટીસની તપાસણીમાં પોલીસકર્મીઓ તથા ડ્રાઈવરો તથા અન્ય દર્દીઓની તપાસણી કરી તબીબો દ્વારા જરૂરી માહિતી-માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. તથા તે અંગે સૂચનો કરવામાં આવ્યા હતા. જિલ્લા ટ્રાફિક પોલીસના પી.આઈ. ગામીતભાઈ તથા પી.એસ.આઈ. આર.એચ. ભટ્ટ તથા પોલીસ કર્મીઓએ ઉપસ્થિત રહી કેમ્પને સફળ બનાવ્યો હતો. નિષ્ણાત તબીબ તરીકે સુનીલ જોષી તથા વસંત શ્રીમાળીએ સેવા આપી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

વરિષ્ઠ વૃદ્ધ નાગરિકોને યાત્રાધામ પ્રવાસ કરાવવાની યોજના બનાવવા માગણી

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતના વૃદ્ધો, વરિષ્ઠ નાગરિકોને સરકારશ્રી તરફથી ધર્મયાત્રા કરાવવા માટે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ ગાંધીનગરના પ્રમુખ લવજીભાઈ વાડીઆ તથા ઉપ-પ્રમુખ જયંતભાઈ જી. ભટ્ટ, નરેન્દ્રભાઈ મોટી સમક્ષ રજૂઆત કરેલ છે.

વિશેષમાં રાજ્યના વૃદ્ધો-વરિષ્ઠ નાગરિકોને ખાસ કરીને કુટુંબ વગરના અને કુટુંબ છતાં નિરાધાર તેવા વૃદ્ધો-વરિષ્ઠ નાગરિકો તરફ સરકારશ્રીએ કાળજી લેવાની જરૂરિયાત છે. જીવનના અંતિમ પડાવમાં બોનસ જીવનમાં સરકારની યાત્રાધામનો પ્રવાસ કરાવવાની યોજના બંન્ને પક્ષે કલ્યાણકારી હુંફ વાળી બની રહેશે.

સરકારીશ્રી પોતાની રાહબરી હેઠળ ટુરીઝમ નિગમના માધ્યમથી મહાકાલેશ્વર, ઉજ્જૈન, વેષ્ણવદેવી, પ્રયાગ, તિરૂપતિ, શિરડી જેવા ધર્મસ્થાનોએ ત્રિ-વાર્ષિક ધોરણે યોજના બનાવી જોઈએ. મધ્ય પ્રદેશ સરકારે તેના રાજ્યમાં યાત્રા ધામ પ્રવાસની યોજના વડીલો માટે અપનાવેલ છે. તે જ માર્ગદર્શિકા પ્રમાણે યોજના લાવવી જરૂરી છે.

બેચરસ્વામી અતિ પછાત સમાજ દ્વારા આવતીકાલે મુખ્યમંત્રીનું સન્માન યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ અતિ પછાત જ્ઞાતિઓના વિકાસ માટે કાર્યરત હતું જેને વર્તમાન બજેટ સત્રમાં સ્વાયત્ત 'નિગમ' બનાવી વિકાસની એક નવી દિશા ખોલી આપતા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને સન્માનવાનો સત્કાર સમારોહ ૨૬મી એપ્રિલ-૨૦૧૨ને ગુરૂવારે સવારે ૧૦.૩૦ કલાકે ટાઉનહોલ, હેલીપેડ મેદાનની બાજુમાં, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં મુખ્યમંત્રીની સાથે-સાથે રાજ્યસભાના સાંસદ તથા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરૂષોત્તમ રૂપાલા, સમાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજ્યના મંત્રી ફકીરભાઈ વાઘેલા, શિક્ષણ મંત્રી રમણલાલ વોરા ખાસ ઉપસ્થિત રહેશે. આ સાથે સરકારના અન્ય મંત્રીઓ, પક્ષના વરિષ્ઠ નેતાઓ પણ હાજરી આપશે.

અનુસૂચિત જાતિઓમાં અતિ પછાત ગણાતી જ્ઞાતિઓ દ્વારા તા. ૨૬ એપ્રિલ-૨૦૧૨ ગુરૂવારના રોજ સેક્ટર-૧૭ના ટાઉનહોલમાં બેચરસ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડના ઉપક્રમે અને સમસ્ત અતિપછાત જ્ઞાતિઓ દ્વારા ગુજરાતના હૃદય સમ્રાટ પ્રજાવત્સલ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના અભિવાદનનો કાર્યક્રમ રાખ્યો હતો. બેચરસ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડના ચેરમેન, ડીરેક્ટર્સ અને અતિ પછાત ગણાતી કોમો સેનમા, ગરો બ્રાહ્મણ, તુરી, બારોટ, હાડી, નાડીયા, થોરી, તીરગર, માતંગ, સાધુબાવા આ જ્ઞાતિઓના અગ્રણીઓ સામાજિક સંસ્થાઓ, યુવક મંડળો, મહિલા મંડળો, જ્ઞાતિવાર પંચ કમિટીના આગેવાનો સર્વે મોટી સંખ્યામાં હાજરી આપી મુખ્યમંત્રીનું ભાતીગળ સંસ્કૃતિ મુજબ અનેરૂં સ્વાગત કરશે.

ગાંધીનગર ગઢવી સમાજ દ્વારા હરસુર ગઢવીને અંજલિ

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતના સુપ્રસિદ્ધ લોક સાહિત્યકાર સ્વ. શ્રી હરસુર ગઢવીને ગાંધીનગરમાં અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટ ગાંધીનગર, આઈશ્રી ખોડિયાર મંદિર પરિવાર અને દેવીયાણ ગાન સભાના સંયુક્ત ઉપક્રમે જાણીતા સાહિત્યકાર અને ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખશ્રી દોલતભાઈ ભટ્ટના અધ્યક્ષપદે જાહેર શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારના અગ્ર સચિવશ્રી વસંતભાઈ ગઢવી, શ્રી ભરતભાઈ કવિ, જાણીતા બિલ્ડર અગ્રણીશ્રી જગતભાઈ કારાણી, શ્રી ભરતભાઈ નહેડુ, ગાંધીનગર કડવા પટેલ સમાજના અગ્રણી શ્રી ભોળાભાઈ પટેલ, શ્રી અનિલભાઈ પટેલ ગાંધીનગરના કલાવિદ દંપતી શ્રી જયરાજસિંહ સરવૈયા, શ્રીમતી આશાબા સરવૈયા, જાણીતા લોક ગાયક શ્રી શિવદાન ગઢવી અને શ્રી નરહરદાન જે. ગઢવીએ લોક સાહિત્ય ક્ષેત્રે સ્વ. હરસુરભાઈ ગઢવીએ આપેલા મૂલ્યવાન યોગદાનને બિરદાવીને તેમને અંતઃકરણની શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

આ પ્રસંગે અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટ, ગાંધીનગરના અગ્રણીઓ સર્વશ્રી સમરથદાન ઝુલા, રાયદાન મોડ, નરહરદાન ગઢવી, આઈશ્રી ખોડિયાર મંદિર પરિવારના અગ્રણીઓ શ્રી સાગરદાન ગઢવી, રવિદાન ગઢવી, અશોકદાન ગઢવી,મનહરદાન એસ. ગઢવી, પ્રભુદાન ગઢવી(એ.એસ.આઈ.), હેમુભાઈ ઝાલા, હરસિંહભાઈ ગઢવી, ગગુભાઈ ગઢવી, વખતસિંહ ગઢવી, શ્રીમતી શુભદ્રાબેન વસંતભાઈ ગઢવી, દેવીયાણ ગાન સભાના પ્રણેતા શ્રી નવલદાન શેહડિયા અને કલોલ ચારણ સમાજના અગ્રણી શ્રી સમરથદાન ટાપરિયા અને દુર્ગાદાન ઝુલા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરોક્ત શ્રદ્ધાંજલિ સભાનું આયોજન અને સંચાલન પાટનગર પ્રકાશનના તંત્રીશ્રી ભરતભાઈ કવિએ કર્યું હતું.

સે-૨૨ બ્રહ્મ સમાજે પંચદેવ મંદિરમાં ભગવાન પરશુરામ જયંતિ ઉજવી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના પંચદેવ મંદિર ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ, સેકટર-૨૨ શાખા, બ્રહ્મ સેના તથા પરશુરામ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે ભગવાન પરશુરામ જયંતિ નિમિત્તે ભગવાન પરશુરામ જયંતિ નમિત્તે ભગવાન પરશુરામની મૂર્તિની પૂજા તથા આરતી કરી વંદના કરવામાં આવી હતી.

પંચદેવ મંદિરના ધર્માચાર્ય ફૂલશંકર શાસ્ત્રી દ્વારા વેદોકત રીતે પૂજા અને આરતી કરવામાં આવી હતી. બ્રહ્મ સેનાના પ્રમુખ વિપુલ ઠાકર, બ્રહ્મ સમાજના અન્ય અગ્રણીઓ, બંધુઓ તથા માતા-બ્હેનો મોટી સંખ્યામાં આ પ્રસંગે હાજર રહ્યા હતા. કલોલ તાલુકા ખાતે સાંજે ૪ કલાકે પરશુરામ ભગવાનની એક મોટી શોભાયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું એમ સેકટર-૨૨ના પ્રમુખ ઉમેશભાઈ વ્યાસે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા દ્વારા હરસ, મસા, ભગંદરનો નિઃશુલ્ક કેમ્પ સંપન્ન

ગાંધીનગર, તા. ૨૪

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ગાંધીનગર દ્વારા ડૉ. એકતાબેન પટેલના સંપૂર્ણ સહયોગથી હરસ, મસા, ભગંદરનો સંપૂર્ણ મફત નિદાન અને સારવાર કેમ્પ તા. ૨૨ એપ્રિલ-૨૦૧૨, રવિવારના રોજ સુશ્રુત હોસ્પિટલ, સેક્ટર-૨૨ ખાતે યોજાયો હતો.

કેમ્પમાં ૧૧૪ દર્દીએ નિઃશુલ્ક સેવાનો લાભ લીધો હતો. તા. ૨૩ અને ૨૪ દરમિયાન ૨૧ દર્દીઓને સંપૂર્ણ નિઃશુલ્ક ઓપરેશન કર્યું હતું. નિલેન્દુ વોરા, નારણ આહિર, લક્ષ્મણ કંસારા, રમેશ પાઠક, દિપક તન્નો ખૂબ જ જહેમત ઉઠાવી હતી. ઓપરેશનનો ખર્ચ ઉર્મિલાબેન પટેલ અને ડૉ. એકતાબેને ચૂકવ્યો હતો. દર્દીઓ માટે ચા-બિસ્કિટની વ્યવસ્થા વિભાબેન ઠક્કરે કરી હતી.

જયમલ્લ પરમાર શતાબ્દી વર્ષ નિમિત્તે રાજકોટમાં સંગોષ્ઠિ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

લોકસાહિત્યના આજીવન સંશોધક - સંપાદક જયમલ્લ પરમારનું શતાબ્દી વર્ષ ચાલી રહ્યું છે. તે નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી અને સત્‌નિર્માણ ફાઉન્ડેશન ટ્રસ્ટ ગાંધીનગરના ઉપક્રમે આત્મીય કૉલેજમાં સંગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બોલતાં પ્રસિધ્ધ રામાયણી કથાકાર પૂ. મોરારીબાપુએ લોકસાહિત્યની દેવીને જયમલ્લભાઈ શણગારી આપણે માટે ખુલ્લી મૂકી હતી. આત્મીય કૉલેજના સંચાલકશ્રી, ત્યાગ વલ્લભ સ્વામીજીએ જયમલ્લભાના 'અલબેલા પંખીઓ' પુસ્તકને યાદ કરી તેના થકી પંખીઓની જાણકારી મળી હોવાનું જણાવ્યું હતું. શતાબ્દી વર્ષમાં આ પંદરમો કાર્યક્રમ યોજાયેલ હતો.

સંગોષ્ઠિમાં બોલતાં પૂ. મોરારીબાપુએ જયમલ્લભાઈ સાથેનાં વાર્તાલાપનું સ્મરણ કરેલ હતું. શબ્દને અર્થ, ભાવ તેમ ગંધ પણ હોય છે. જયમલ્લભાઈ એ શબ્દની સુગંધ આપી હતી. ગામડાની માટીને પાણીથી ભીંજવી જયમલ્લભાઈએ દૈવીને લિપસ્ટિક કરી હતી. જયમલ્લભાઈએ જીવનભર લોક સાહિત્યની સાધના કરી છે. આમ પૂ. મોરારીબાપુએ ભવ્ય અંજલિ અર્પી હતી.

આત્મીય શૈક્ષણિક સંકુલના સંચાલક ત્યાગ વલ્લભ સ્વામીજીએ આત્મીય કૉલેજનું એક કાર્ય વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે સંસ્કારોનું સિંચન કરવાનું છે. આમ સ્વામીજીએ શ્રધ્ધાંજલિ અર્પી હતી.

સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરી, ખ્યાતનામ પત્રકાર લેખકશ્રી, વિષ્ણુ પંડ્યા, શ્રી હસુભાઈ યાજ્ઞિક, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ શ્રી મહેન્દ્રભાઈ પાડલિયા, ડૉ. નીતિન વડગામાએ, ડૉ. પરમ પાઠકે પણ સંગોષ્ઠિ પ્રસંગે પ્રવચન કરેલ હતા.

સંગોષ્ઠિનું સંચાલન ડૉ. નિરંજન રાજગુરૂએ કરેલ હતું.

કાર્યક્રમમાં શ્રી નલિન ઝવેરી, રાજુલ દવે, જહેમત ઉઠાવી હતી. શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈ, શ્રી ભાનુપ્રસાદ પંડયા, એસ.વી. જાની, શ્રી અંબાદાન રોહડિયા, બળવંતભાઈ દેસાઈ, ગુલાલભાઈ જાની, રામજીભાઈ વાણિયા, નાથાલાલ ગોહિલ, શ્રી ભૂપતભાઈ લાડવા, શ્રી મનોજભાઈ રાવલ, શ્રી રામાભાઈ જામંગ હાજર રહ્યા હતા.

અમને તો હવે ગાંધીનગર જ ગમે છે...

સંબંધ સજાવે જિંદગી

વી આર ફેમીલી

- તબસ્સુમ પઠાણ
gsrelation@yahoo.com

સેક્ટર-૮માં રહેતા નિવૃત્ત પોલીસ અધિકારી જસબીરસિંગ બ્રિન્દાના દિકરા-દીકરી તો ખુબ ઉચ્ચ પદે પહોંચી દેશ-વિદેશ ફરતા રહે છે. પરંતુ અહીં તેમના ઘરને સાચવે છે અરૂણા રાજપુત અને તેનો પરિવાર. છેલ્લા ૧૫-૧૬ વર્ષથી તેઓ અહીં બ્રિન્દ્રા પરિવારની સાથે જ રહે છે.

નિવૃત્ત આઈપીએસ અધિકારી જસબીરસિંગ બ્રિન્દ્રા કહે છે કે ૧૯૯૩માં મારી નોકરી અમદાવાદ હોઈ અમે પરિવાર સાથે શાહીબાગ રહેતા હતા. અમારા પરિવારમાં મારા પિતાશ્રી કરતારસિંગ, માતા, પત્નિ અને બાળકો હતા. બહોળા પરિવારના નાના-મોટા કામ માટે અરૂણાબેન રાજપુત અને તેનો પતિ નટુ અમારા ઘરે આવતા. તે પછી અમે ગાંધીનગરમાં સેક્ટર-૮માં રહેવા આવ્યા ત્યારે અરૂણા અને તેના પરિવારને અમારી સાથે જ અહીં લઈ આવ્યા હતા. તે પછી તે અહીં જ રહે છે. અરૂણાની જેમ જ અમારો ડ્રાઈવર દેવજીભાઈ ઘણા વર્ષો સુધી અહીં જ અમારી સાથે રહેતો હતો. તેનું થોડાક વર્ષી પહેલાં જ અવસાન થયું. બ્રિન્દ્રા સાહેબ વધુમાં કહે છે કે અમારે ત્યાં જે નોકરી કરવા આવે છે તેઓને અમારા પરિવાર સાથે એવો નાતો બંધાઈ જાય છે કે તે આજીવન રહે છે.

અરૂણાબેન રાજપુત કહે છે કે બ્રિન્દ્રા સાહેબે મારા પરિવાર માટે રહેવાની વ્યવસ્થા કરી આપી છે. તેઓ ગાંધીનગર રહેવા આવતા હતા ત્યારે મે તેમની સાથે આવવાની ઈચ્છા દર્શાવી હતી. પછી તો મારા બાળકો સાથે હું અહીં જ આવી ગઈ. દિકરીઓ હવે પરણાવી દીધી છે. અને દિકરો નિલેશ ડ્રાઈવર છે. મારી દિકરાના દિકરા આર્યન પણ અહીં મારી પાસે જ રહે છે. તે સેક્ટર-૮ની પ્રાથમિક સ્કૂલમાં ભણે છે. દીકરીઓને મન તો આ જ પિયર છે. ક્યારેક ક્યારેક તેઓ પણ અહીં આવે તો બ્રિન્દ્રા સાહેબ તેમને ખુબ સારી રીતે રાખે છે. કોઈપણ પ્રકારનું બંધન અહીં અમને નથી. બ્રિન્દ્રા સાહેબ અને તેમનો પરિવાર મને અને મારા પરિવારને તેમના પરિવારના સભ્યો જ ગણે છે. અમારા માટે તો તેઓ જ પાલનહાર છે. તેમની સેવા કરવાનો અવસર પ્રાપ્ત થયો તે માટે હું ભગવાનનો ખુબ પાડ માનુ છું.

નોખા સંબંધોની દુનિયામાં જળવાયો આ સ્નેહાળ સંબંધ ઉદાહરણરૂપ છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૪

સૂર્યાસ્ત : ૦૭.૦૩

તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૩૦ ટકા

મનોરંજન

હિંદી પલ્સ

સ્ક્રીન-૧ : હાઉસ ફૂલ ૨ : ૧૨.૩૦,૩.૩૦,૬.૪૫,૯.૩૦

સ્ક્રીન-૨ : હાઉસ ફૂલ ૨ : ૨.૩૦

વીકી ડોનર : ૧૦.૦૦, ૧૨.૧૫, ૮.૦૦, ૧૦.૩૦

હેટ સ્ટોરી : ૫.૩૦

સ્ક્રીન-૩ : બેટલશીપ (હિન્દી) : ૧૧.૦૦, ૭.૧૫

હાઉસ ફૂલ ૨ : ૧.૧૫, ૪.૧૫, ૯.૩૦

સ્ક્રીન-૪ : વીકી ડોનર : ૩.૦૦, ૫.૩૦

હેટ સ્ટોરી : ૧૦.૦૦, ૧૨.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

સિને મેક્સ

સ્ક્રીન-૧ : ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૧૦.૪૫, ૨.૧૫, ૬.૦૦, ૯.૩૦

સ્ક્રીન-૨ : હાઉસ ફૂલ ૨ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ : હેટ સ્ટોરી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૪૫

સ્ક્રીન-૪ : વીકી ડોનર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

હેટ સ્ટોરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રીતના સૌગંધ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આપની આજ

- કિશોર ત્રિવેદી

મેષ : યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો સગા- સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પત્ય સુખમાં કમી ન થાય તેનું ધ્યાન રાખવું. નવા સંબંધ બની શકે છે.

વૃષભ : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરે થઈ શકે છે.

મિથુન : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં તમારું મન લાગે.

કર્ક : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ કરવા પ્રેરાશો. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યો તરફ તમે પ્રેરાશો. દિવસ સાનુકૂળ રહે.

સિંહ : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂર પ્રાપ્ત થઈ શકે છે. શુભ કાર્યોમાં સામેલ થવાથી યશ અને સન્માનમાં વધારો થઈ શકે છે.

કન્યા : જ્ઞાન, વૃદ્ધિનોમાં વધારો થઈ શકે છે. વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. ઘણાં દિવસથી અટવાયેલા નાણાં પરત મળી શકે છે.

તુલા : કૌટુંબિક ઉન્નતિ થઈ શકે છે. મિત્રોના સહયોગથી સમસ્યાનું સમાધાન થઈ શકે છે. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરો વેપારમાં વૃદ્ધિ થઈ શકે છે.

વૃશ્ચિક : કાર્ય અને વ્યવસાયનાં ક્ષેત્રમાં વિભિન્ન અડચણોથી મન અશાંત રહી શકે છે. ભોગ વૃત્તિને કારણે અધિક પ્રતિષ્ઠામાં ગુમાવવી ન પડે તેની કાળજી રાખવી.

ધન : સંતાનની પ્રગતિના સમાચારથી મનને પ્રસન્નતા પ્રાપ્ત થાય. મંગળ કાર્યો પાછળ ખર્ચ થઈ શકે છે. જીવનસાથીના આરોગ્યનું ધ્યાન રાખવું.

મકર : ખાનપાનની અનિયમિતતાથી બચવું. નોકરી- ધંધામાં મુશ્કેલીઓ વધી શકે છે. કુટુંબિજનો સાથે કલેશ પેદા ન થાય તેનું ધ્યાન રાખવું. દિવસ શાંતિથી પસાર કરવો.

કુંભ : આજે શુભ ફળ મળી શકે છે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. રાજકીય કાર્યોથી દૂર રહેવું. આકસ્મિક ખર્ચ થઈ શકે છે. વડીલો દ્વારા મળેલ માર્ગદર્શન ઉપયોગી નીવડે.

મીન : તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સ્થાયી સંપત્તિ મળી શકે છે. ગ્રાહકોથી મધુસ સંબંધ બનશે.

ચિરવિદાય

- સ્વ. કાળાજી મંગાજી ઠાકોર (ઉ. વ. ૪૫) મુ. પો. વાવોલ તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કોમલબેન રમેશભાઈ પટેલ (ઉ. વ. ૨૧) બ્લોક નં. ૨૦, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. કિશોરભાઈ પોપટભાઈ પટેલ (ઉ. વ. ૫૫) બ્લોક નં. ૩૯/૯૧૮, ગુજરાત હાઉસીંગ બોર્ડ, મેઘાણીનગર, અમદાવાદ.

આજે સિવિલ ડીફેન્સની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

સિવિલ ડીફેન્સ ઓફિસ, ગાંધીનગરના ડેપ્યુટી કન્ટ્રોલર સી.એમ. ગામીતે અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજે ૨૫મી એપ્રિલ-૨૦૧૨ના રોજ બપોરે ૩ કલાકે સિવિલ ડીફેન્સના તમામ વોર્ડનની બેઠકનું આયોજન સિવિલ ડીફેન્સ કાર્યાલય ખાતે કરવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરના સિવિલ ડીફેન્સના તમામ અધિકારીઓ અને વોર્ડનોને આ બેઠકમાં ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

ગાંધીનગર જીમખાનામાં ૨૬મીથી યોગ શિબિરનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જીમખાનાના ઓનરેબર મેનેજરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તા. ૨૬મી એપ્રિલ-૨૦૧૨થી ૬ઠ્ઠી મે-૨૦૧૨ દરમિયાન સવારે ૬.૩૦થી ૭.૩૦ કલાક દરમિયાન યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જીમખાના ખાતે યોજાનાર યોગ શિબિરમાં દિવ્યજીવન સંઘના યોગ પ્રશિક્ષક અશ્વિનભાઈ દવે શિબિરાર્થીઓને યોગ પ્રશિક્ષણ આપશે. જે સભ્યો આ શિબિરમાં જોડાવા માંગતા હોય તેમણે જીમખાના ઓફિસનો સંપર્ક કરી નામ નોંધાવી દેવા.